# ગીતામનન

સત્ એટલે શું ? તત્ત્વજ્ઞાનની ભાષામાં સત્ એટલે ‘હોવું’, કેવળ અસ્તિત્ત્વ, અને અસત્ એટલે ‘જવું’ જે ક્ષણે ક્ષણે જાય છે તે. એટલે હોવામાં પણ આનંદ નથી અને જવામાં પણ આનંદ નથી. ‘હોવું’, ‘જવું’ ની રમત રમનારને તે ‘‘સદ્દસપ્તત્પરં યત’’ સત્ અને અસત્ કરતાં પણ પર એવું તત્ત્વ ! ‘હોવું’, ‘જવું’ ભગવાનની રમત છે.

ભગવાનને નમસ્કાર એટલે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિની નમ્રતા. નમસ્કાર ક્યારે થાય ? ભગવાનનું સર્વવ્યાપકત્ત્વ, સર્વાશ્રયત્ત્વ, સર્વજ્ઞત્વ અને સર્વ સુખત્ત્વ સમજાય તો જ નમસ્કાર થાય. ભગવાનને કેવળ ભજવાથી ભજનારા બધા એક કક્ષાના થયા એમ ન સમજવું. એક, ગુણ શ્રેષ્ઠતા સમજીને, હૃદય ભાવભીનું રાખીને ચઢાવે છે અને બીજો, શ્રેષ્ઠતા સમજીને ચઢાવતો રહેલો છે. તેથી તેની તે વિશેષતા અભિવૃદ્ધિ માટે વપરાય છે. ભગવાનની મહાનતા અને આપણી સામાન્યતા સમજાય ત્યારે, ઈન્દ્રિયો નમે તેને દીનતા કહેવાય, નમસ્કાર નહિ ! તું જ મહાન છે, અમે તને પહોંચી ન શકીએ, હું તો તારા પગની રજ પણ નથી. આવી ભાવના અંતઃકરણમાં આવે એટલે ઈન્દ્રિયો નમે, પણ મન નથી નમતું. આને હીનતા કહેવાય. પણ મારાથી તું અસામાન્ય છે, છતાં મારા જેવા સામાન્યની જોડે સામાન્યતા લઈને ઊભો છે, એ જ્યારે સમજાય ત્યારે મન નમે, મન નમ્ર થાય. તું મહાન છે એ તારી શક્તિ છે અને તું મારા માટે સામાન્ય થયો છે એ તારી કલા છે. શક્તિ અને માયા બંનેનું જ્ઞાન જ્યારે મનને થાય ત્યારે મન નમે તેને લીનતા અને કેવળ ઈન્દ્રિયો નમે તેને કહેવાય દીનતા ! ત્યારપછી આગળ સમજાય કે મારા જેવા સામાન્ય માટે તું પૂર્ણકામ હોવા છતાં આશક થઈને આશકતા દેખાડે છે. મારી પાસેથી તને કંઈ અપેક્ષા છે, ઈચ્છા છે, વાસના છે, એવું નાટક તું કરી રહ્યો છે, આ વાત જ્યારે બુદ્ધિને સમજાય ત્યારે બુદ્ધિ નમે અને તેને નમ્રતા કહેવાય. માટે દીનતા, લીનતા અને નમ્રતા એ દરેકની જુદી જુદી સ્થિતિ છે. જે ઠેકાણે ઈન્દ્રિય, મન અને બુદ્ધિ આ બધા સંપૂર્ણતઃ એક થઈને નમ્રતાનો ભાવ અનુભવે તેને સાચા અર્થમાં નમ્રતા કહેવાય અને ત્યારે નમસ્કારનો ભાવ આવે.

ભક્તિના ચાર તત્ત્વો છે. પહેલું તત્ત્વ છે : ભગવાન પરમેશ્વર સર્વોત્પાદક અને સર્વજ્ઞ છે. ભક્તિનું આ પહેલું તત્ત્વ આપણા મગજમાં



ઉતરવું જોઈએ, તો આપણે ભક્ત થઈએ. બધાને ઉત્પન્ન કરનાર ભગવાન છે. ભગવાનના સર્વજ્ઞત્ત્વને કારણે જગત છે, વધે છે, પ્રકૃતિ પુષ્ટ થાય છે, વ્યક્તિઓમાં પરસ્પર આકર્ષણ રહે છે. પરસ્પરનું આકર્ષણ ન રહે તો મોટા માટે આદર અને નાના માટે વાત્સલ્ય નિર્માણ ન થાય. ભગવાન સર્વોત્પાદક છે અને સર્વજ્ઞ છે એ સમજાય તે પછી જ માનવ માત્ર માટે આદર થાય. પરસ્પર દેવો ભવ.

બીજી વાત, જગત પ્રભુની નિર્મિતિ છે, તેનું કાર્ય છે. તેથી અતિ સુંદરતાથી ભરેલું છે. જગત ખરાબ છે, માયા છે, કીચડ છે, કાદવ છે, આપણે ભૂલથી અહીં આવ્યા છીએ, આવી સમજવાળો માણસ શાસ્ત્રની દૃષ્ટિએ ભક્ત ન કહેવાય. તેવી જ રીતે પરમેશ્વરની ઈચ્છાથી જે સ્થિતિ મળે તેમાં સુખી, ઉપકૃત અને સંતોષી રહેવું એ ત્રીજી વાત છે. જે તારી ઈચ્છા હશે તેમાં હું સુખી છું. તેં જે મોકલ્યું છે, તેના માટે હું ઉપકૃત છું, તેથી હું સંતુષ્ટ છું. ચોથી ભૂમિકામાં થોડી ભાવશૂન્યતા દેખાય છે. અહીં આ દૈવી ભાવશૂન્યતા અપેક્ષિત છે. કંટાળીને, થાકીને આવેલી અથવા અજ્ઞાનથી આવેલી ભાવશૂન્યતા અપેક્ષિત નથી. આ ચારેચાર ભૂમિકા જ્યાં સુધી તૈયાર થતી નથી ત્યાં સુધી ભક્ત થતો નથી. ઈશ્વરનાં સર્વવ્યાપક્તા, સર્વાશ્રયત્ત્વ, સર્વજ્ઞત્ત્વ અને સર્વ સુખત્ત્વની ખબર પડે તો આ ભૂમિકાઓ તૈયાર થાય, તો જ માણસ નમ્ર બને. પરસ્પર દેવો ભવ.

મન બુદ્ધિનાં સ્તરે સંપૂર્ણ અનાશક્તિ અશક્ય છે. મન અને બુદ્ધિ કોઈને કોઈ વસ્તુ કે પ્રાણી પ્રત્યે આશક્ત થયા વિના રહી શકે જ નહિ. એટલે સાધક પહેલા તો ઈશ્વરાર્પિત કર્મ દ્વારા બીજી બધી વસ્તુઓમાંથી આશક્તિ સંકેલતા શીખે છે અને પછી ભક્તિપૂર્વકની આશક્તિની ફોરમ સાથે તેને ભગવાન પ્રતિ વાળે છે. સાધકની મહાનયાત્રા પ્રભુ સમર્પિત કર્મથી શરૂ થાય છે. ટૂંક સમયમાં જ ઈશ્વર જ તેના જીવનનું લક્ષ્ય બની જાય છે. તે આ મહાન લક્ષ્ય માટે પરમ રૂચિ પ્રાપ્ત કરશે. સ્વભાવિક રીતે જ પદાર્થજગત સાથેની તેની ક્ષણિક આશક્તિઓ છૂટી જશે અને અંતે તે પરમાત્માનો અનુભવ કરી શકશે. વ્યક્તિ આત્મા સાથે એક થયા પછી સર્વત્ર, સૌમાં પોતાને નિહાળે છે અને તેમ થતાં તેનામાં શત્રુતાનો ભાવ લગીરે રહી શકતો નથી. ‘‘સૌના માટે પ્રેમ અને દ્વેષ કોઈના પ્રત્યે નહિ.’’ પરસ્પર દેવો ભવ.

ભક્તિયોગ એમ નથી કહેતો કે “છોડી દો”. તે કેવળ એટલું જ કહે છે કે “ચાહો; પણ ઊંચામાં ઊંચી વસ્તુને ચાહો !” અને જેનું પ્રેમપાત્ર સર્વોચ્ચ હોય છે તેની નજરમાંથી સ્વાભાવિકપણે જ પ્રત્યેક હલકી વસ્તુ સરી પડે છે. ભક્તિ માટેના આવશ્યક ત્યાગની પ્રાપ્તિ કોઈપણ વસ્તુનો નાશ કરીને થતી નથી. પરંતુ વધતા જતા પ્રબળ પ્રકાશના સાંન્નિધ્યમાં મંદ પ્રકાશવાળા પદાર્થો જેમ વધુને વધુ ઝાંખા થતા થતા સંપૂર્ણપણે વિલીન થઈ જાય છે, તેમ આ ત્યાગ પણ તેવી જ સ્વાભાવિક્તાથી આવે છે. એ જ પ્રમાણે ઈન્દ્રિયોના અને બુદ્ધિના ઉપભોગ પ્રત્યેની આ આશક્તિ પણ સ્વયં ઈશ્વર પ્રત્યેના પ્રેમ વડે નિષ્પ્રભ બની જાય છે અને દૂર ફેંકાઈ જાય છે. ઈશ્વરનો પ્રેમ વૃત્તિ પામીને પરાભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. જેને આ ઈશ્વર પ્રેમનો અનુભવ થાય છે તેને માટે પછી પ્રતીકો અદશ્ય થાય છે, અનુષ્ઠાનો દૂર નાસી જાય છે, ગ્રંથોને રજા મળે છે; મૂર્તિઓ, મંદિરો, દેવળો, ધર્મો, સંપ્રદાયો, દેશ અને જાતીયતા, આવા બધાં નાનાં નાનાં વાડાઓ અને બંધનો સ્વાભાવિક રીતે ખરી પડે છે. તેને બંધન કરે અથવા તેની સ્વતંત્રતાને તોડી નાંખે તેવું કશું જ પછી રહેતું નથી. આમ, ભક્તિના સહાયક ત્યાગમાં કોઈ પ્રકારની કર્કશતા નથી, કોઈ શુષ્કતા નથી, કશો સંઘર્ષ નથી, કોઈ જાતનું દબાણ નથી, કોઈ જાતનો જુલમ નથી. ભક્તે પોતાની એકેય ઉર્મિને દબાવવાની નથી; તે માત્ર તેમને પ્રબળ બનાવી ઈશ્વરાભિમુખ કરવા મથે છે. ભક્તિયોગનું મુખ્ય રહસ્ય એ છે કે મનુષ્ય-હૃદયમાં ઉદ્ભવતી જુદી જુદી વાસનાઓ અને લાગણીઓ પોતે હાનિકારક નથી. કેવળ જ્યાં સુધી તેઓ પરમોચ્ચ અવસ્થા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેમને ઉચ્ચ અને વધુ ઉચ્ચ ધ્યેય તરફ સાવધાનીપૂર્વક વાળવાની છે. આપણને જે ઈશ્વરની સમીપ લઈ જાય છે. તે જ દિશા સર્વોચ્ચ છે; તે સિવાયની બીજી દરેક દિશા અધમ છે. ઈન્દ્રિયોના વિષયોમાં મનુષ્યો કેટલું અનહદ સુખ માણે છે ! તેઓ જે વસ્તુને ચાહે છે, જે વસ્તુ તેમની ઈન્દ્રિયોને પ્રિય છે, તેને માટે તેઓ ગમે ત્યાં જાય છે, કોઈપણ જોખમ ખેડે છે. આ જ પ્રકારનો ઉત્કટ પ્રેમ ભક્તે ઈશ્વર તરફ વાળવાની જરૂર હોય છે. જ્યારે મનુષ્ય પોતાને ઈશ્વર પ્રાપ્તિ ન થવાને કારણે ઉત્કટ વેદના અનુભવે છે, જ્યારે એકમાત્ર જાણવા યોગ્ય વસ્તુ જાણી ન હોવાને પરિણામે અત્યંત અસંતુષ્ટ અને લગભગ પાગલ જેવો બની જાય છે. ઈશ્વર સિવાય અન્ય વસ્તુની વાત પણ બેસ્વાદ લાગે છે. “તેનું ચિંતન કરો, કેવળ તેવું જ ચિંતન કરો, અને અન્ય



સર્વ વૃથાનો વાણીનો ત્યાગ કરો.” જેઓ કેવળ ઈશ્વરની જ ચર્ચા કરે છે તેઓ જ ભક્તને પ્રિય લાગે છે; તે સિવાયની અન્ય ચર્ચા કરનારાઓ તેને અપ્રિય લાગે છે. આમ ભક્તિમાં તરબોળ થયેલો ભક્ત પ્રભુનાં પ્રેમની એક વધુ ઉચ્ચ અવસ્થાએ પહોંચેલો હોય છે. જીવન મધુર છે, કેમ કે પ્રભુનું ચિંતન થાય છે, અને ભક્તને અવનવા સાત્ત્વિક અનુભવો પણ થાય છે ત્યારે તેનું જીવન ધન્ય બને છે અને જાણે એ અનુભવોમાં ઈશ્વરનાં ચરણોને સ્પર્શે છે, ત્યારે ભક્તિના આરે ભક્ત પૂર્ણ બને છે, જીવનનાં સર્વ ઉદ્દેશો ચરિતાર્થ થાય છે. ભક્ત કહે છે કે, સંસારની બધી બાબતો અંગે જાણે કે તે મૃત છે અને આત્મ સમર્પણની આરે આવીને ઊભો છે. જે કાંઈ બનતું હોય તે ભલે બનતું. “તારી ઈચ્છા મુજબ થાઓ” હે પ્રભુ ! બધા તારા નામે ભવ્ય મંદિરો બાંધે છે, તારા નામે પાદુકાપૂજનો, પારાયણો તથા ઘણા મોટા દાન કરે છે; હું તો દીન છું કે મારી પાસે કંઈ સાધન નથી એટલા માટે હું મારું આ શરીર તારા ચરણોમાં ધરી દઉં છું. હે ભગવાન ! મને છોડી દેશો નહીં. “ભક્તના હૃદયમાં ઊંડાણમાંથી આવી પ્રાર્થના નીકળે છે. ભક્તને મન ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે, તે જ પ્રેમનો સર્વોચ્ચ આદર્શ છે, ભક્તને માટે આટલું જ બસ છે, અને જેણે આ જગત નિર્માણ કર્યું છે તે નિર્માણ કરનારી શક્તિ માનવીનો આકાર લઈને અહીં તે ભક્તને આશ્વાસન આપતી જાય છે કે, **“દિકરા, ડર નહિ, હું છું ને તારૂ શ્રેય કરવા માટે !”**

અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત

ગુરુકૃપા હિ કેવલમ્, ભક્ત પરમ મંગલમ્ !

*(અન્ય ગીતામાંથી સંકલન)*